# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

# ટ્રીટેડ સુએજ રીયુઝ અને રીસાયકલ

## એકશન પ્લાન

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**

**ઓગષ્ટ ૨૦૧૯**

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## અ. મ્યુ.કો.ના વિવિધ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ટ્રીટમેન્ટ થયા બાદનાં ટ્રીટેડ સુએજનો ઉપયોગ

### પ્રસ્તાવના:

અમદાવાદ શહેરમાં વધતી વસ્તી અને શહેરીકરણને લીધે પાણીનો ઉપયોગ દિન પ્રતિ દિન વધી રહયો છે. વરસાદની ઘટ અને ભુર્ગભ જળના ઘટતાં સ્તરને લીધે પીવાના પાણી અને ઉદ્યોગોને આપવાના પાણીની વ્યવસ્થા કરવી એ આવનારા દિવસોમાં એક ગંભીર, અગત્યની અને મોટી સમસ્યા બની રહેવાની સંભાવના હોવાથી આ સંભવિત સમસ્યાનો ઉકેલ એ છે કે શહેરોમાં ઉત્પન્ન થતાં ગટરનાં પાણીને શુધ્ધ કરી તેનો ફરીથી ઉપયોગ કરવામાં આવે.

- અમદાવાદ શહેરમાં રોજનું ૧૩૨૫ એમ.એલ.ડી. પીવાનું પાણી સપ્લાય કરવામાં આવે છે. પાણીનો મુખ્ય સ્ત્રોત નર્મદા કેનાલ છે. આ પાણીને ચાર મોટા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ટ્રીટ કરી શહેરનાં ૧૯૨ પંપીગ સ્ટેશનો મારફતે આખા શહેરમાં પહોંચાડવામાં આવે છે.
- અમદાવાદ શહેરમાં રોજનું આશરે ૧૧૦૦ થી ૧૨૦૦ એમ.એલ.ડી. સુએજ ઉત્પન્ન થાય છે જે શહેરના ૨૫૮૮ કિ.મી. લાંબા ડ્રેનેજ નેટવર્ક દ્વારા અને ૬૪ પંપીગ સ્ટેશનો દ્વારા કલેકટ કરી હયાત ૯ એસ.ટી.પી.માં ટ્રીટમેન્ટ કરવામાં આવે છે. જેમા પ્રાયમરી તથા સેકન્ડરી ટ્રીટમેન્ટ કરી ટ્રીટેડ સુએજ સાબરમતી નદીમાં છોડવામાં આવે છે. આ ઉપરાંત નદીના પશ્ચિમ તથા પુર્વ એમ બંને બાજુએ ખુલતાં જુદા જુદા નાળા રીવરફ્રન્ટમાં બંને બાજુ નાખવામાં આવેલ સુએજ ઈન્ટરસેપ્ટર લાઇનમાં કનેકટ કરી નદીની બંને બાજુએ આવેલ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં લઇ જવામાં આવે છે.
- હાલમાં નદીની પુર્વ અને પશ્ચિમમાં થઈ કુલ ૯ નંગ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત છે, જેની ટ્રીટમેન્ટ ક્ષમતા ૯૨૫ એમ.એલ.ડી. છે. જેની વિગતવાર માહિતી નીચે જણાવેલ છે.

| **અત્યારે હાલ કાર્યરત સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ** | | | | |
|---|---|---|---|---|
| **અ.નં.** | **એસ.ટી.પી. લોકેશન** | **ટ્રીટમેન્ટનો પ્રકાર** | **કમિશનીંગનું વર્ષ** | **કેપેસીટી (એમ.એલ.ડી.)** |
| ૧ | પીરાણા | યુએએસબી (અપફ્લો એનેરોબિક સ્લજ બ્લેન્કેટ) | ૨૦૦૩ | ૧૦૬ |
| ૨ | પીરાણા | એએસપી (એકટીવેટેડ સ્લજ પ્રોસેસ) | ૨૦૦૯ | ૬૦ |
| ૩ | પીરાણા | એએસપી (એકટીવેટેડ સ્લજ પ્રોસેસ) | ૨૦૦૯ | ૧૮૦ |
| ૪ | વાસણા | એએસપી (એકટીવેટેડ સ્લજ પ્રોસેસ) | ૨૦૧૧ | ૨૪૦ |
| ૫ | વાસણા | યુએએસબી (અપફ્લો એનેરોબિક સ્લજ બ્લેન્કેટ) | ૨૦૦૩ | ૧૨૬ |
| ૬ | વાસણા | એએસપી (એકટીવેટેડ સ્લજ પ્રોસેસ) | ૨૦૦૯ | ૩૫ |
| ૭ | વાસણા | એસબીઆર (સીકવન્સીયલ બેચ રીએકટર) | ૨૦૧૯ | ૪૮ |
| ૮ | વાડજ-જલવિહાર | એસબીઆર (સીકવન્સીયલ બેચ રીએકટર) | ૨૦૧૯ | ૬૦ |
| **સાબરમતી નદીને સમાંતર કુલ ક્ષમતા** | | | | **૮૫૫** |
| ૯ | વિંઝોલ | એએસપી (એકટીવેટેડ સ્લજ પ્રોસેસ) | ૨૦૧૧ | ૭૦ |
| | | | **કુલ :-** | **૯૨૫** |

- ઉપરાંત શહેરમાં વધતાં જતાં સુએજને પહોંચી વળવા નીચે મુજબના ૪ નવા એસ.ટી.પી. બનાવવાની કામગીરી ચાલુ છે. જેની ટ્રીટમેન્ટ ક્ષમતા ૩૧૫ એમ.એલ.ડી. છે. જેમાંથી વિંઝોલ ૩૫ એમ.એલ.ડી પ્લાન્ટનો હાલમાં ટ્રાયલ રન ચાલુ છે.

| **અત્યારે હાલ નવા બની રહેલ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ** | | | | |
|---|---|---|---|---|
| **અ.નં.** | **લોકેશન** | **કેપેસીટી (એમ.એલ.ડી.)** | **કામગીરી પુરી કરવાનો સમય** | **અંદાજીત ખર્ચ (રૂા. કરોડ)** |
| ૧ | વિંઝોલ | ૩૫ | હાલમાં શરૂ કરેલ છે. | ૩૪ |
| ૨ | નવા પીરાણા | ૧૫૫ | જુન ૨૦૨૧ | ૧૨૦ |
| ૩ | શંકર ભુવન | ૨૫ | ડિસેમ્બર૨૦૧૯ | ૨૮ |
| ૪ | લાંભા | ૦૫ | ડિસેમ્બર- ૨૦૧૯ | ૦૭ |
| ૫ | વિંઝોલ | ૧૦૦ | જુન ૨૦૨૧ | ૧૦૩.૪ |
| | **કુલ : -** | ૩૨૦ | | ૨૯૨.૪ |

- તદ્ઉપરાંત શહેરમાં ભવિષ્યમાં વધનાર વસ્તી તથા તેને લીધે વધનાર સુએજને પહોંચી વળવા નીચે જણાવ્યા મુજબના ૭ નવા એસ.ટી.પી. બનાવવાનુ આયોજન હાથ ધરવામાં આવેલ છે તથા તે માટે ટેન્ડરની કામગીરી હાલમાં ચાલુ છે. જેની ટ્રીટમેન્ટ ક્ષમતા ૨૯૨ એમ.એલ.ડી. છે.

| **અત્યારે હાલ આયોજનમાં લીધેલ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ** | | | | |
|---|---|---|---|---|
| **અ.નં.** | **લોકેશન** | **કેપેસીટી (એમ.એલ.ડી.)** | **હાલનુ સ્ટેટસ** | **અંદાજીત સમયગાળો** |
| ૧ | કોતરપુર | ૬૦ | ટેન્ડર રીઈન્વાઇટની પ્રક્રિયામાં | ૧૮ માસ |
| ૨ | ડફનાળા | ૨૫ | સીગલ ટેન્ડર ઈવેલ્યુએશન | ૧૮ માસ |
| ૩ | મલેકસબાન | ૩૦ | ટેન્ડર રીઈન્વાઇટની પ્રક્રિયામાં | ૧૮ માસ |
| ૪ | સૈજપુર તળાવ | ૭ | ટેન્ડર રીઈન્વાઇટની પ્રક્રિયામાં | ૧૮ માસ |
| ૫ | સોલા | ૬૦ | ટેન્ડરની પ્રક્રિયામાં | ૨૪ માસ |
| ૬ | કોટેશ્વર (ઔડા) | ૬૦ | ટેન્ડરની પ્રક્રિયામાં | ૨૪ માસ |
| ૭ | એનાસણ (ઔડા) | ૫૦ | ફીઝીબીલીટી સ્ટડી | -- |
| | **કુલ : -** | ૨૯૨ | | |

- આમ ઉપરોક્ત તમામ માહિતી ધ્યાને લેતા અ.મ્યુ.કો.માં અત્યારે હાલ કાર્યરત કુલ ૯૨૫ એમ.એલ.ડી ક્ષમતાનાં ૯ નંગ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા કુલ ૩૧૫ એમ.એલ.ડી ક્ષમતાનાં નવા બની રહેલ ૪ નંગ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ કુલ ૨૯૨ એમ.એલ.ડી ક્ષમતાનાં આયોજન માં હાથ પર ધરેલ ૭ નંગ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ મળીને કુલ ૨૦ નંગ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ થનાર છે, જેની કુલ ક્ષમતા ૧૫૩૨ એમ.એલ.ડી જેટલી થનાર છે.

## અ.મ્યુ.કો.નાં સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં થતાં ટ્રીટેડ સુએજના રીયુઝની સંભવિતતાઃ

અમદાવાદ શહેરની આસ-પાસ ઘણા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ આવેલ છે અને ખેતી લાયક જમીન પણ ઘણી છે, જેથી અ.મ્યુ.કો.નાં સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં થતાં ટ્રીટેડ સુએજને નદીમાં છોડવાની જગ્યાએ યોગ્ય ટ્રીટમેન્ટ કરી ખેતીમાં અને ઇન્ડસ્ટ્રીમાં વાપરવામાં આવે તો સદર સુએજનાં રીયુઝની ઘણી સંભાવનાઓ છે. તાજેતરમાં જ ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮માં વેસ્ટ વોટર રીયુઝ પોલીસી જાહેર કરેલ છે જે અંતર્ગત હયાત અને નવા બનનનાર એસ.ટી.પી.ના ટ્રીટેડ સુએજને ગાર્ડનીગ, ખેતી, ઇન્ડસ્ટ્રીયલ પ્રોસેસ, ફલશીગ જેવા સેકન્ડરી ઉપયોગમાં લેવા સુચવેલ છે.

### હયાત કાર્યરત એસ.ટી.પી. અને તેના ટ્રીટેડ સુએજના રીયુઝની શકયતા

- અમદાવાદ શહેરની પશ્ચિમમાં ફતેહવાડી કેનાલ પસાર થાય છે જેનો ઉપયોગ ખેતી માટે કરવામાં આવે છે. અમદાવાદ શહેરમાં સાબરમતી નદીની પશ્ચિમ તરફ વાસણા બાજુએ તેમજ નદીને સમાંતર આવેલ હયાત કાર્યરત કુલ ૪ નંગ એસ.ટી.પી.માંથી સદર કેનાલમાં ખેતી માટે ટ્રીટેડ સુએજ સીધુ આપી શકાય તેમ હોઇ **અત્યારે હાલ વાસણા ખાતેનાં ૪૮ એમ.એલ.ડી સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતેથી દૈનિક અંદાજે ૪૫ થી ૪૮ એમ.એલ.ડી ટ્રીટેડ સુએજ ફતેહવાડી કેનાલમાં આપવાનુ ચાલુ કરવામાં આવેલ છે. ઉપરાંત અત્યારે હાલ વાસણા ખાતેનાં ૨૪૦ એમ.એલ.ડી સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતેથી દૈનિક અંદાજે ૧૪૦ થી ૧૫૦ એમ.એલ.ડી ટ્રીટેડ સુએજ ફતેહવાડી કેનાલમાં લેવા માટે રાજય સરકારનાં સિંચાઇ વિભાગ દ્વારા કામગીરી ચાલુ કરવામાં આવેલ છે. આમ કુલ ૨૫૦ થી ૩૦૦ એમ.એલ.ડી. ટ્રીટેડ સુએજ ફતેહવાડી કેનાલમાં આપવામાં આવશે.**
- તદ્ઉપરાંત અમદાવાદ શહેરમાં સાબરમતી નદીની પશ્ચિમ તરફ વાસણા બાજુએ તેમજ નદીને સમાંતર આવેલ હયાત કાર્યરત કુલ ૪ નંગ એસ.ટી.પી.માંથી ધોલેરા એસ.આઇ.આર ખાતે પણ ટ્રીટેડ સુએજ આપી શકાય હોઇ તે અંગેની શકયતાઓ સરકારશ્રી દ્વારા અલગથી ચકાસાઇ રહેલ છે.
- અમદાવાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં મે.ટોરેન્ટ પાવર લીમીટેડનો થર્મલ પાવર પ્લાન્ટ આવેલ છે. જેની પાણીની જરૂરિયાત દૈનિક અંદાજે ૨૫ એમ.એલ.ડી.ની છે. તાજેતરમાં અ.મ્યુ.કો દ્વારા જલવિહાર, વાડજ વિસ્તારમાં ૬૦ એમ.એલ.ડી. ક્ષમતાનો એસ.ટી.પી. તૈયાર કરી કાર્યરત કરવામાં આવેલ છે. જેમાંથી મે.ટોરેન્ટ પાવર લીમીટેડના થર્મલ પાવર પ્લાન્ટને તેમની જરૂરિયાત મુજબ ૨૫ એમ.એલ.ડી. ટ્રીટેડ સુએજ આપી શકાય તેમ છે. જે માટે **અત્યારે હાલ ટોરેન્ટ પાવરનાં ઉચ્ચ અધિકારીઓ સાથે મીટીંગ કરવામાં આવેલ છે તથા તેઓ દ્વારા સદર પ્લાન્ટમાંથી ટ્રીટેડ સુએજનાં પેરામીટર્સના ટેસ્ટીંગ માટે સેમ્પલ કલેકટ કરવામાં આવેલ છે.**
- અમદાવાદ શહેરના દક્ષિણ-પુર્વ વિસ્તારમાં નારોલ, વટવા જેવા ઇન્ડસ્ટ્રીયલ એરિયા આવેલ છે. જેઓ દ્વારા પણ પાણીનો ઘણો વપરાશ કરવામાં આવે છે. જે માટે સાબરમતી નદીની પુર્વ બાજુએ નદીને સમાંતર આવેલ હયાત કાર્યરત પીરાણા તથા જુના પીરાણા ખાતે આવેલ કુલ ૩ નંગ એસ.ટી.પી.માંથી ટ્રીટેડ સુએજ નારોલ, વટવા જેવા ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં આપી શકાય તેવી શકયતાઓ રહેલી છે. **જે માટે અત્યારે હાલ તમામ ઇન્ડસ્ટ્રીયલ એસોસીએશનનાં હોદ્દેદારો સાથે મીટીંગ કરવામાં આવેલ છે તથા તેઓ પાસેથી તેઓના પાણીની વપરાશની વિગતો મેળવવાની કામગીરી ચાલુ છે. આ ઉપરાંત અ.મ્યુ.કો તથા ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન વચ્ચે થયેલ એમ.ઓ.યુ. મુજબ સદર પ્લાન્ટનાં ટ્રીટેડ સુએજને ટર્શરી ટ્રીટમેન્ટ કરી નારોલ ઇન્ડસ્ટ્રીયલ એસોસીએશનને આપવા માટે૧૦૦ એમ.એલ.ડી ક્ષમતાનાં ટર્શરી ટ્રેટમેન્ટ પ્લાન્ટ બનાવવાનુ આયોજન પણ અત્યારે હાથ ધરવામાં આવેલ છે.**
- અમદાવાદ શહેરના દક્ષિણ-પુર્વ-ઉત્તર વિસ્તારમાં આવેલ વટવા, ઓઢવ તથા નરોડા જેવા ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં પણ પાણીના ઘણા વપરાશની શકયતાઓ રહેલ હોઇ અમદાવાદ શહેરમાં પુર્વ બાજુએ ખારી નદીને સમાંતર આવેલ હયાત કાર્યરત વિંઝોલ ખાતે આવેલ એસ.ટી.પી.માંથી ટ્રીટેડ સુએજ વટવા, ઓઢવ તથા નરોડા જેવા ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં આપી શકાય તે **માટે અત્યારે હાલ સદર ઇન્ડસ્ટ્રીયલ એસોસીએશનનાં તમામ હોદ્દેદારો સાથે મીટીંગ કરવામાં આવેલ છે તથા તેઓ પાસેથી તેઓના પાણીની વપરાશની વિગતો મેળવવાની કામગીરી ચાલુ છે. ઉપરાંત હયાત કાર્યરત વિંઝોલ ખાતે આવેલ એસ.ટી.પી.માંથી અત્યારે હાલ વટવા ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં ગ્રીન એન્વાયરો**

**કો.ઓ.સો. દ્વારા સંચાલિત સી.ઇ.ટી.પી. માટે ૪ એમ.એલ.ડી. ટ્રીટેડ સુએજ લેવામાં આવે છે. જેના રૂ.૬.૫૦ પ્રતિ કિલોલીટર ભાવ લેખે (વાર્ષિક ૧૦ % વધારા) માસિક સરેરાશ રૂ. ૬.૫૦ લાખ નુ ચુકવણુ તેઓ દ્વારા કરવામાં આવે છે. જે અંતર્ગત તેઓ દવારા અતયાર સુધીમાં કુલ રૂ.૩.૨૦ કરોડ ચુકવેલ છે.**

- અમદાવાદ શહેરના ઉત્તર વિસ્તારમાં આવેલ નરોડા ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં પણ પાણીના ઘણા વપરાશની શકયતાઓ રહેલ હોઇ અમદાવાદ શહેરમાં પુર્વ બાજુએ ભદ્રેશ્વર ખાતે ઔડા દ્વારા બનાવેલ પ્રાયમરી ટ્રીટમેન્ટના પ્લાન્ટને ભદ્રેશ્વર સુએજ પંપીગ સ્ટેશન માંથી ૫ એમ.એલ.ડી. રો સુએજ આપવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેનાથી ૭ એમ.એલ.ડી. પ્રાયમરી ટ્રીટેડ સુએજ નરોડા ઈન્ડસ્ટ્રીઝને આપવાનુ આયોજન કરેલ છે.
- **આ ઉપરાંત નરોડા રોડ પર આવેલ મે.અરવિંદ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ દ્વારા તેઓના આયોજનમાં લીધેલ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે ૮ એમ.એલ.ડી રો સુએજ લેવા કરેલ દરખાસ્ત અ.મ્યુ.કો. દ્વારા મંજુર કરેલ છે. જે મુજબ રોજનું ૮ એમ.એલ.ડી. રો સુએજ આપવામાં આવનાર છે.**

**પત્રક-૧ : હયાત કાર્યરત એસ.ટી.પી. અને તેના ટ્રીટેડ સુએજના રીયુઝની શકયતા**

| અનુ.નં. | એસ.ટી.પી. | ક્ષમતા (MLD) | રીયુઝ રીસાયકલ કરવામાં આવતુ સુએજ (MLD) | | કયાં આપવામાં આવે છે અથવા આવશે | રીમાકર્સ |
|---|---|---|---|---|---|---|
| | | | હાલ | આયોજન | | |
| ૧ | પીરાણા ૧૮૦ | ૧૮૦ | -- | -- | વટવા, નારોલ જેવા ઈન્ડસ્ટ્રીયલ એરિયા | હોદ્દેદારો સાથે મીટીગ કરવામાં આવેલ તથા પાણીની વપરાશની વિગતો મેળવવાની કામગીરી ચાલુ |
| ૨ | પીરાણા ૬૦ | ૬૦ | -- | -- | | |
| ૩ | પીરાણા ૧૦૬ | ૧૦૬ | -- | ૧૦૦ | નારોલ ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન | આઇએફસી દ્વારા ૧૦૦ એમએલડી ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ ની શકયતાઓ ચકાસી ફીઝીબીલીટી રીપોર્ટ તૈયાર કરવામાં આવનાર છે. |
| ૪ | વાસણા ૪૮ | ૪૮ | ૪૮ | | ફતેહવાડી કેનાલ | -- |
| ૫ | વાસણા ૨૪૦ | ૨૪૦ | -- | ૧૫૦ | • ધોલેરા સર<br>• ફતેહવાડી કેનાલ | • ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા ૧૫૦ એમ.એલ.ડી. ટ્રીટેડ સુએજ ધોલેરા માટે વાપરવા અંગેની શકયતાઓ ચકાસવાની કામગીરી કન્સલ્ટન્ટને સોંપેલ છે.<br>• સિંચાઇ વિભાગ દ્વારા પાઇપલાઇનની કામગીરી ચાલુ કરેલ છે |
| ૬ | વાસણા ૧૨૬ | ૧૨૬ | ૦.૨ | ૧૦૦ | • હાલમાં ૦.૨ એમએલડી ૧૨૬ એમએલડી નર્સરી તથા ૩૫ અને ૨૪૦ એમએલડી એસ.ટી.પી.ની સામેના પ્લાન્ટેશન માટે વપરાય છે.<br>• અપગ્રેડેશન બાદ ૧૦૦ એમએલડી ફતેહવાડી કેનાલમાં આપવામાં આવશે | -- |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૭ | વાસણા ૩૫ | ૩૫ | -- | ૨૫ | ફતેહવાડી કેનાલ | સિંચાઈ વિભાગ દ્વારા પાઈપલાઈનની કામગીરી ચાલુ કરેલ છે |
| ૮ | વાડજ ૬૦ | ૬૦ | ૫૫ | ૨૫ | સાબરમતી નદી મારફતે ફતેહવાડી કેનાલમાં છોડવામાં આવે છે. | મે.ટોરેન્ટ પાવર લી.ને ૨૫ એમ.એલ.ડી. સેકન્ડરી ટ્રીટેડ સુએજ આપવા અંગે પ્લાનીગ કરેલ છે. |
| ૯ | વિંઝોલ ૭૦ | ૭૦ | ૦૪ | -- | ગ્રીન એન્વાયરો, વટવા સંચાલિત સીઈટીપી | • રૂ.૬.૫૦ પ્રતિ કિલોલીટર ભાવ લેખે (વાર્ષિક ૧૦% વધારા) માસિક સરેરાશ રૂ. ૫.૮૫ લાખ નુ ચુકવણુ તેઓ દ્વારા કરવામાં આવે છે. જે અંતર્ગત અત્યાર સુધીમાં કુલ રૂ.૩.૨૦ કરોડ ચુકવેલ છે.<br>• વટવા ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં રીયુઝની શકયતા ચકાસવાની થાય છે. |
| | રસાલા | ૧.૦ | ૦.૮ | -- | લો-ગાર્ડન, પરીમલ ગાર્ડન, રસાલા નર્સરી, ન્યુસન્સ ટેન્કર્સ, અને ઝોનના પ્લાન્ટેશન | |
| ૧૦ | નવી વી.એસ.હોસ્પિટલ | ૧.૦ | ૧.૦ | -- | હોસ્પિટલમાં ગાર્ડનીગ અને ફલશીંગ | |
| ૧૧ | વસ્ત્રાપુર તળાવ અને નિકોલ | ૧.૦ | ૧.૦ | -- | • તળાવના ગાર્ડનીગમાં વાપરવામાં આવે છે તેમજ સેન્ટ્રલ વર્જના પ્લાન્ટેશનના ટેન્કર ભરવા<br>• ખારીકટર કેનાલમાં | |
| કુલ | | ૯૨૮ | ૧૧૦ | ૪૦૦ | | |

## નવા બની રહેલ એસ.ટી.પી. અને તેના ટ્રીટેડ સુએજના રીયુઝની શકયતા

- અમદાવાદ શહેરનાં પુર્વ વિસ્તારમાં વધતી જતી વસ્તીને કારણે વધતાં જતાં સુએજને પહોંચી વળવા અમદાવાદ શહેરમાં દક્ષિણ-પુર્વ બાજુએ ખારી નદીને સમાંતર આવેલ વિંઝોલ ખાતે નવા એસ.ટી.પી.બનાવવાની કામગીરી અત્યારે હાલમાં ચાલુ છે, જે આ વર્ષનાં અંત સુધીમાં પુરી થઇ પ્લાન્ટ કાર્યરત થનાર હોઇ તેમાંથી ટ્રીટેડ સુએજ વટવા, ઓઢવ તથા નરોડા જેવા ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં આપી શકાય તે માટે સર્વે કરવાનુ આયોજન હાથ ધરેલ છે.

### પત્રક-૨ : નવા બની રહેલ એસ.ટી.પી. અને તેના ટ્રીટેડ સુએજના રીયુઝની શકયતા

| અનુ.નં. | એસ.ટી.પી. | ક્ષમતા (MLD) | રીયુઝ રીસાયકલ કરવામાં આવતુ સુએજ (MLD) | | રીયુઝ શકયતા/આયોજન |
|---|---|---|---|---|---|
| | | | હાલ | આયોજન | |
| ૧ | પીરાણા ૧૫૫ | ૧૫૫ | -- | -- | નારોલ ઇન્ડસ્ટ્રીયલ એરિયા |
| ૨ | વિંઝોલ ૧૦૦ | ૧૦૦ | -- | -- | |
| ૩ | શંકર ભુવન | ૨૫ | -- | ૨૫ | સાબરમતી નદી મારફતે ફતેહવાડી કેનાલ |
| ૪ | લાંભા | ૦૫ | -- | ૦૫ | લાંભા તળાવ અને તેની આજુબાજુના પ્લાન્ટેશન માટે |
| ૫ | વિંઝોલ | ૩૫ | -- | ૨૦ | વટવા ઇન્ડસ્ટ્રીયલ એરિયા |
| | | ૩૨૦ | | ૫૦ | |

## આયોજનમાં લીધેલ એસ.ટી.પી. અને તેના ટ્રીટેડ સુએજના રીયુઝની શકયતા

- સાબરમતી શુધ્ધિકરણ અંતર્ગત તેમજ ખેતીમાં વેસ્ટવોટરનો ઉપયોગ કરવા માટે સાબરમતી નદીને સમાંતર તથા શહેરની હયાત ડ્રેનેજ સીસ્ટમ પર ભારણ ધટાડવા અને ગટરના પાણીના બેકીંગને લગતા પ્રશનોના ઉકેલ રૂપે શહેરના ઉત્તર અને પુર્વ ઝોનમાં ખારીકટ કેનાલ તથા પશ્ચિમ બાજુએ ગોતા-ગોધારી કેનાલ મારફતે ખેતીમાં વેસ્ટવોટરનો ઉપયોગ કરવા માટે નાના ડિસેન્ટ્રલાઇઝ એસ.ટી.પી. બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

### પત્રક-૩ : આયોજનમાં લીધેલ એસ.ટી.પી. અને તેના ટ્રીટેડ સુએજના રીયુઝની શકયતા

| અનુ.નં. | એસ.ટી.પી. | ક્ષમતા (MLD) | રીયુઝ રીસાયકલ કરવામાં આવતુ સુએજ (MLD) | | રીયુઝ શકયતા/આયોજન |
|---|---|---|---|---|---|
| | | | હાલ | આયોજન | |
| ૧ | કોતરપુર | ૬૦ | -- | ૬૦ | સાબરમતી નદી મારફતે ફતેહવાડી કેનાલ |
| ૨ | ડફનાળા | ૨૫ | -- | ૨૫ | સાબરમતી નદી મારફતે ફતેહવાડી કેનાલ |
| ૩ | મલેકસાબાન | ૩૦ | -- | ૩૦ | ખારીકટ કેનાલ |
| ૪ | સૈજપુર તળાવ | ૦૭ | -- | ૦૭ | ખારીકટ કેનાલ |
| ૫ | સોલા | ૧૦૦ | -- | ૧૦૦ | ગોતા-ગોધાવી કેનાલ મારફતે સિંચાઇ માટે |
| | | ૨૨૨ | -- | ૨૨૨ | |

**<u>સારાંશ:</u>**

- ખેતી અને ઈન્ડસ્ટ્રીમાં નીચે મુજબ પાણી રીયુઝ કરી શકાય છે.

| | |
|---|---|
| ૧. ખેતી | ૬૦૦ એમ.એલ.ડી. - આશરે |
| ૨. ઈન્ડસ્ટ્રીઝ | ૨૫ એમ.એલ.ડી.- ટોરેન્ટ પાવર<br>૧૫૦ એમ.એલ.ડી.- નારોલ<br>૫૦ એમ.એલ.ડી. - બીજા ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ |

- આ પ્રકારના ડિસેન્ટ્રલાઈઝ એસ.ટી.પી. બનાવવાનથી રાજય સરકારની વેસ્ટવોટર રીયુઝ રીસાયકલીગ પોલીસીનો હેતુ સર કરી શકાશે અને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં થતાં ખર્ચાની સામે રેવેન્યુ ઉભી કરી શકાશે.
- ખેતીમાં ભવિષ્યમાં પાણીની જરૂરિયાતને ધ્યાને લેતાં, ટ્રીટેડ સુએજનો ખેતીમાં અને ચોખ્ખા પાણીનો પીવાના અને ઈન્ડસ્ટ્રીમાં વાપરી શકાય છે.